**વડોદરાના મહે. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, વડોદરા**
**ક્રીમીનલ કેસ નં. ૧૫૨૯૫ /૨૦૧૭**

**<u>આંક–૦૧ લગત હુકમ</u>**

આ કામે આરોપી સામે ત.ક.અમલદારે એમ.વી.એકટની કલમ– ૧૮૫ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે.

મજકુર કામે આજરોજ આરોપીએ હાજર થઈ કબુલાત પુરશીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે અને જણાવેલ છે કે, પોતે ગરીબ વર્ગનો છે અને કુટુંબની જવાબદારી તેના શીરે છે. કાયદા પ્રત્યે માન છે. અજાણતા મજકુર ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઈ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. આરોપીનુ નિવેદન લેતાં તેની કબુલાત સ્વૈચ્છીક હોવાનું તથા તેને કોઈ લાલચ કે, પ્રલોભન કોઈએ આપેલ નહી હોવાનું જણાઈ આવે છે. આરોપીને ગુનાની સજાની જોગવાઈ બાબતે માહીતગાર કરવામાં આવેલ હોવા છતાં પોતે સ્વૈચ્છીક કબુલાત કરતો હોવાનું જણાઈ આવતુ હોઈ હાલની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે. આરોપીની રજુઆત તેની સામાજીક અને આર્થિક સ્થિતી અને જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકતને ધ્યાને લેતાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કેસ હોવાનું જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત વડી અદાલતનો **નટવર હરચંદ વિ. સ્ટેટનો** ચુકાદો કે જે **જી.એલ.આર. ૨૦૦૫ પેજ નં. ૭૦૯** ઉપર પ્રકાસીત થયેલ છે તે ધ્યાને લેતાં આરોપીને આવા કીસ્સામાં ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ હોઈ આરોપીની કબુલાતને ધ્યાને લઈ ક્રીમી. પ્રોસી. કોડની કલમ– ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

આરોપી શ્રેયસ મુકુંદભાઈ નેરલેકરને મજકુર ગુના સબબ ક્રીમી.પ્રોસી. કોડની કલમ– ૨૫૨ અન્વયે એમ.વી.એકટની કલમ– ૧૮૫ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રુા.૫૦૦/–(અંકે રુપીયા પાંચસો પુરા) નો દંડ કરવાનો અને દંડની રકમ ભરપાઈ કરવામાં કસુર કરે તો, દીન–૦૫ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવુ છુ.

આ હુકમ આજ રોજ તા. ૧૩.૦૭.૨૦૧૯ ના રોજની ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩.૦૭.૨૦૧૯

વડોદરા.

( જયકુમાર ગુલાબરાય વડોદરીયા)
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વડોદરા.
**કોડ નં. જી.જે.૦૦૩૪૧**

**સ્પેશીયલ સીટીંગ**